**માધ્યમિક પરીક્ષા મોડલ પ્રશ્નપત્ર -૨૦૨૩**

વિષય :- ગુજરાતી

ધોરણ :- ૧૦ કુલ ગુણ :- ૮૦

સમય : ૩:૧૫ કલાક

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ :**

**GENERAL INSTRUCTION TO THE EXAMINEES :**

(૧) પરીક્ષાર્થી સૌપ્રથમ પ્રશ્નપત્ર પર પોતાનો નામાંક જરૂરથી લખે.

(૨) દરેક પ્રશ્ન કરવા ફરજીયાત છે.

(૩) દરેક પશ્નાના જવાબ આપેલી પુસ્તીકામાં જ લખો.

(૪) જે પ્રશ્નપત્રમાં આંતરિક ખંડ છે તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

(૫) પ્રત્યેક પ્રશ્નમાં માગ્યા પ્રમાણે ઉત્તર લખવાના છે.

(૬) પ્રશ્નોના ગુણભાર નિમ્નાનુસરા છે.

| ખંડ | પ્રશ્નોના પ્રકાર | પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નોની સંખ્યાં | ગુણ દરેક પ્રશ્ન | કુલ ગુણભાર |
|---|---|---|---|---|---|
| ખંડ-અ (A) | બહુ વિકલ્પી પ્રશ્ન | ૧(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| | પ્રશ્ન રિકત સ્થાન પૂર્તિ | ૨(૧થી૬) | ૬ | ૧ | ૬ |
| | અતિ લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન | ૩(૧થી૧૨) | ૧૨ | ૧ | ૧૨ |
| ખંડ-બ (B) | લઘુ ઉત્તરાત્મક પ્રશ્ન (ઉત્તર શબ્દ સીમા લગભગ ૫૦ (પચાસ) શબ્દ) | ૪ થી ૧૪ | ૧૧ | ૨ | ૨૨ |
| ખંડ-ક(C) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દસીમા લગભગ ૧૦૦ શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૫ થી ૧૮ | ૪ | ૩ | ૧૨ |
| ખંડ-દ (D) | દીર્ઘ ઉત્તરીય પ્રશ્ન/નિબંધાત્મક પ્રશ્ન શબ્દસીમા લગભગ ૧૦૦ શબ્દપ્રતિ પ્રશ્ન (પ્રત્યેક પ્રશ્ન એક વિકલ્પ સહીત) | ૧૯ થી ૨૧ | ૩ | ૫+૫+૬ | ૧૬ |
| | | | ૪૮ | | ૮૦ |

Scanned by CamScanner

## વિભાગ : અ (A)

પ્રશ્ન : ૧ નીચે આપેલ બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો. (પ્રત્યેકનો ૧ ગુણ)

(૧) જ્ઞાન વિના શું ન થઈ શકે ? ૧

(અ) ભકિત (બ) તપ (ક) પુંજા (ડ) આરતી

(૨) ગવરીબાઈએ કયો માર્ગ અપનાવ્યો હતો? ૧

(અ)ભક્તિમાર્ગ (બ) કુલોનો માર્ગ(ક) ભકતોનોમાર્ગ(ડ) પરિવાર સાથે.

(૩) નરસિંહ મહેતા માટે ભગવાન કોનું રૂપ ધારણ કરે છે ? ૧

(અ) દામોદર દોશીનું(બ) બાદશાહ (ક) મહરાજ (ડ) માલિક

(૪) ડો કિરણ બેદી કઇ રમતના ખેલાડી હતા ? ૧

(અ) ક્રિકેટ (બ) બેડ મિન્ટન (ક) વોલીબોલ (ડ) હોકી

(૫) નીચેના માંથી સાચી જોડણી કઇ છે ? ૧

(અ) કુટિલતા (બ) કૂટીલતા (ક) કુટીલતા (ડ) કૂટિલતા

(૬) 'પતીજ' નો સમાનાર્થી શબ્દ થાય. ૧

(અ) આકાશ (બ) વિશ્વાસ (ક) નદી (ડ) દરિયો

(૭) ' લાભ' નો વિરૂધ્ધાર્થી શબ્દ કયો થાય ? ૧

(અ) નફો (બ) પૈસા (ક) ગેરલાભ(ડ) અલાભ

(૮) 'એનો ગભરુ જીવ રડી ઊઠયો ' વાક્યમાં સંજ્ઞા છે.. ૧

(અ) એનો (બ) ગભરુ (ક) જીવ (ડ) રડી

(૯) ' ભલો મહાદેવ રડતો ગયો. ' વાકયમાં વિશેષણ છે.. ૧

(અ) ભલો (બ) મહાદેવ (ક)રડતો(ડ) ગયો

(૧૦) ' કેમ ભાઇ મોડો પડયો ? વાકય કયાં પ્રકારનું છે ? ૧

(અ) પ્રશ્ન વાકય (બ) ઉદગાર વાકય (ક) પૂર્ણ વાકય (ડ) અર્થ વાકય

(૧૧) ' નાસ્તિક ' શબ્દની સંધિ વિચ્છેદ થાય .. ૧

(અ) ના+આસ્તિક (બ) ન+અસ્તિક (ક)નો+આસ્તિક (ડ) ન+આસ્તિક

(૧૨) ' પરમ+આત્મા' ની સંધિ થાય.. ૧

(અ)પરિઆતમા (બ) પરાત્મા (ક)પરિઆત્મા (ડ) પરમાત્મા

પ્રશ્ન : ૨ નીચેના પ્રશ્નોમાં રિકત સ્થાનની પૂર્તિ કરો.

(૧) ધ્યાન ચુકાવી દરિયાનું ઊભો ઊભો જ ..................... જાય છે. ૧

(૨) જ્ઞાન વિના ..........નવ થાય. ૧

(૩) જાપાનનું એક શહેર................ ૧

(૪)ઘાઘરિયા એટલે વેલી ઓફ......... ૧

(૫) સંજ્ઞા કે સર્વનામની વિશેષતા દર્શાવનાર શબ્દને ......... કહેવાય. ૧

(૬) 'સજ્જન' શબ્દનો વિરોધી શબ્દ થાય........... ૧

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખો.

Scanned by CamScanner

(૧) નરસૈયાને મદદ કરવાં માટે ભગવાન શેમાં બેસીને આવે છે? ૧
(૨) કવિ એકાદ દિવસ કોની સાથે રમવા ઇચ્છે છે ? ૧
(૩) કવિને કયો પ્રશ્ન સતાવે છ ? ૧
(૪) ટ્રેન કઇ પ્રણાલીનું પાલન કરે છે ? ૧
(૫) બાદશાહે બીરબલને કરો પ્રશ્ન પૂછ્યો ? ૧
(૬) ' જગડુશા ' પાઠમાં રાજાને કઇ વાતની ચિંતા છે ? ૧
(૭) રેતીમાં ભેજને કયાં નામે ઓળખવામાં આવે છે ? ૧
(૮) બાપુજીએ લેખક પાસે કઈ પ્રતિજ્ઞા લેવડાવી? ૧
(૯) ' હાથ પીળા કરવા ' રૂઢિપ્રયોગનો અર્થ શું થાય ? ૧
(૧૦) ' મોમા પાણી આવવું 'રૂઢિપ્રયોગનો વાકયમાં પ્રયોગ કરો. ૧
(૧૧) ' રાત દિવસ 'સમાસનો વિગ્રહ કરો. ૧
(૧૨) ' નવ રાત્રી ' શબ્દનો સમાસ ઓળખાવો. ૧

## વિભાગ –બ (B)

નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાકયમાં ઉત્તર લખો.

પ્રશ્ન : ૪ તાંબા પતરા પરના લખાણમાં શું જણાવેલું હતું ? ૨
પ્રશ્ન : ૫ કિરણ બેદી સેક્રેટરીની રીત ભાત જોઇને કઇ પ્રતિજ્ઞા લે છે ? ૨
પ્રશ્ન : ૬ જેસલમેરમાં કયા કયા પકો લેવામાં આવે છે ૨
પ્રશ્ન : ૭ મહાદેવ શાં માટે રડવા જેવો થઇ ગયો હતો ? ૨
પ્રશ્ન : ૮ લેખકને ભણવામાં માટી શી રીતે મદદરૂપ થઇ ? ૨
પ્રશ્ન : ૯ વિદેશી લોકો શાં માટે પાણીપુરી કે સેન્ડવીચ નથી ખાતાં ? ૨
પ્રશ્ન : ૧૦ નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણાવો. ૨
પ્રશ્ન : ૧૧ ફુલોની વિશેષતા રજુ કરતા કવિ શું કહે છે ? ૨
પ્રશ્ન : ૧૨ ' લેખક આપણને કેવી પાણીપૂરી ઝાપટવા ની સલાહ આપે છે ? ૨
પ્રશ્ન : ૧૩ કવિએ સૂર્યને ઠોઠ નિશાળીયો શા માટે કહયો ? ૨
પ્રશ્ન : ૧૪ કવિ અખો ભગત કેવા લોકોને મુરખ કહે છે ? ૨

## વિભાગ – ક (C)

નીચેના પ્રશ્નોના ટુંકમાં ઉત્તર આપો.

પશ્ન : ૧૫ કવિએ ફૂલોને કરેલી વિનંતીનું તમારા શબ્દોમાં વર્ણન કરો 3

(અથવા)

વૃક્ષો આપણાં જીવનમાં કેવી રીતે ઉપયોગી થાય છે તે જણાવો .

પ્રશ્ન : ૧૬ લેખકનો માટી પ્રેમ તમારા શબ્દોમાં વર્ણવો. 3

(અથવા )

મહાદેવે કરેલો નિર્ણય યોગ્ય હતો ? શા માટે ?

પ્રશ્ન : ૧૭ પ્રકૃતિને શા માટે માતા ગણવામાંઆવી છે ? 3

(અથવા )

મિત્ર સાથે અણબનાવ થાય ત્યારે તમને થયેલી અનુભૂતિનું વર્ણન કરો .

Scanned by CamScanner

પ્રશ્ન : ૧૮ નીચે આપેલા ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

" ખુલ્લી રાખેલી ધુળ – વિભૂષિત માખી સ્પર્શિત પાણીપુરી ઝાપટો યુવાનો સડેલા બટાટાના ખોરા તેલમાંતળેલા પણ રંગે રાતા માતા સુગંધ મહોરતા સમોસા પર તુટી પડો વીર યુવાનો આપણા બાપાઓ પણ ચાર દિવસના વાસી તીખા તમતમતા તેલ મરચા પ્લાવિત ભજીયા આમ જ આરોગતા આપણા પૂજય પિતાશ્રીઓના નામને રોશન કરો ડોકટરોની ચેતવણીઓથી ડરશો નહી. "

પ્રશ્ન : ૧ . લેખક કેવી પાણીપુરી ઝાપટવાની સલાહ આપે છે ? ૧

૨. આપણા બાપ દાદા કેવા ભજીયા આરોગતા હતા ? ૧

૩. લેખક કોના થી ડરવાની ના પાડે છે ? ૧

વિભાગ- ડ ( D)

પ્રશ્ન : ૧૯ નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

દુનિયામાં જેટલા માણસો એટલા ધર્મ કહો તો ચાલે. કોઈને એક વાત ગમે,તો બીજાને બીજી વાત ગમે.પણ તમને તમામ ધર્મની વાતોનો સાર તો એક જ છે. કોઈ હિન્દુ ધર્મ પાળે,કોઈ ખ્રિસ્તી ધર્મ પાળે, કોઈ શીખ ધર્મ પાળે,પારસીઓનો જરથુષ્ટ ધર્મ છે. મુસલમાનોનો ઇસ્લામ ધર્મ છે.ચીન જાપાનમાં બૌદ્ધ ધર્મ છે. બ્રહ્મ દેશમાં પણ બૌદ્ધ ધર્મ છે.આપણા દેશમાં જ જૈન છે, વૈષ્ણવ છે ,સ્વામિનારાયણ છે. પણ એ બધા ધર્મનો દોરો એક, મણકા ભલે નોખા નોખા રહ્યા.ખ્રિસ્તી ધર્મ લો .એના સ્થાપનાર ઈસુ ખ્રિસ્ત.જિસસ ક્રાઈસ્ટ એમનું મૂળ નામ. પરંતુ સર્વધર્મસમભાવ એજ આપણી સંસ્કૃતિ છે.

પ્રશ્નો :

(૧) દુનિયામાં ધર્મ કેટલા છે?. ૧

(૨) તમામ ધર્મની વાતોનો સાર કેવો છે? ૧

(૩) પારસીઓનો ધર્મ કરો છે? ૧

(૪) આપણી સંસ્કૃતિ કઇ છે ? ૧

(૫) ગદ્યાંશને યોગ્ય શીર્ષક આપો . ૧

પ્રશ્ન : ૨૦ તમારી શાળામાં યોજાયેલ કોરોના રસીકરણ અભિયાનનો અહેવાલ લખો (આશરે ૨૫૦ શબ્દોમાં) ૫

(અથવા )

તમારી શાળામાં યોજાયેલ શિક્ષક દિનની ઉજવણીનો અહેવાલ લખો (આશરે ૨૫૦ શબ્દોમાં)

પ્રશ્ન : ૨૧ નીચેના આપેલા વિષય માંથી કોઇ પણ એક વિષય પર નિબંધ લખો. ( ૨૫૦ શબ્દોમાં) ૬

(૧) કોરોનાની મહામારી અને બચાવ.

(૨) મારો પ્રિય તહેવાર

(૩) હાય રે ! મોંઘવારી

(૪) માં તે મા

..........................................................સમાપ્ત..........................................................

Scanned by CamScanner